દાદા ભગવાન પરિવારનું

જૂન ૨૦૧૯

પ્રતિ પ્રત ભાવ : ₹ ૨૦/-

# અક્રમ એક્સપ્રેસ



## રજા... એ... મજા...

# રજા...એ...મજા...

## સંપાદકીય

બાળમિત્રો,

તમને થતું હશે કે રજા તો પૂરી થઈ ગઈ પછી આ અંક ?

હા. આ વખતે આપણે વેકેશનમાં રામ ભગવાન અને શ્રી હનુમાનની ભક્તિ કરી, ખરું ને ? માટે હવે રજાની મજા કરાવતો આ અંક જરૂર વાંચજો. ફરી સ્કૂલ શરૂ થયાનો કંટાળો ઉડી જશે.

આપણા આર્ય સંસ્કારોને સજીવન કરતી નાની નાની સુંદર વાર્તાઓ આમાં છે. જે વાંચીને આપણા જીવનમાં એ સંસ્કારોનું સિંચન થાય અને આપણે આદર્શ જીવન જીવી શકીએ.

માટે રજા ભલે ગઈ પણ મજા હજુ ચાલુ જ છે.

-ડિમ્પલ મહેતા

Akram Express


Editor : Dimple Mehta

Printer & Published by

Dimple Mehta on behalf of
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Owned by
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist - Gandhinagar.

Printed at
Amba Offset
B-99, GIDC, Sector-25,
Gandhinagar - 382025.

Published at
Mahavideh Foundation
Simandhar City, Adalaj - 382421,
Ta & Dist-Gandhinagar.



© 2019, Dada Bhagwan Foundation
All Rights Reserved



વર્ષ : ૧૧, અંક : ૧૦
સળંગ અંક : ૧૩૦
જૂન ૨૦૧૯



સંપર્ક સૂત્ર :
બાળવિજ્ઞાન વિભાગ
ત્રિમંદિર સંકુલ, સીમંધર સીટી,
અમદાવાદ-કલોલ હાઈવે,
મુ.પો. - અડાલજ,
જી.ગાંધીનગર-૩૮૨૪૨૧,ગુજરાત.
ફોન : (૦૭૯) ૩૯૮૩૦૧૦૦
email:akramexpress@dadabhagwan.org
Website: kids.dadabhagwan.org



લવાજમ (ગુજરાતી)
વાર્ષિક સભ્ય
ભારત : ૨૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૧૫ ડોલર
યુ.કે. : ૧૨ પાઉન્ડ
પાંચ વર્ષ
ભારત : ૮૦૦ રૂપિયા
યુ.એસ.એ. : ૬૦ ડોલર
યુ.કે. : ૫૦ પાઉન્ડ
D.D. / M.O. 'મહાવિદેહ ફાઉન્ડેશન'ના નામે મોકલવો.

# શ્લોક અને મોક્ષ

સ્વામિનારાયણ સંપ્રદાયના સ્થાપક શ્રી સહજાનંદ સ્વામી ઠેર ઠેર ઉપદેશ આપે. લોકોને સારે માર્ગે વાળે. લૂંટફાટ કરનારી કોમ પણ એમના ઉપદેશથી બદલાઈ ગઈ. બૂરાઈને બદલે ભલાઈ કરવા માંડી.

એક વાર શ્રી સહજાનંદ સ્વામીને મળવા માટે દીનાનાથ ભટ્ટ નામના સંસ્કૃતના મહાન પંડિત આવ્યા. એમની પંડિતાઈ આગળ ભલભલા પાણી ભરે. શ્લોકો તો એટલા બધા મોઢે કે ગણાય નહી. એમની સાથે વાદવિવાદમાં ઊતરવાનું કોઈનું ગજું નહી.

આવા પંડિતજીનો શ્રી સહજાનંદ સ્વામીએ આદર કર્યો અને એમને પૂછ્યું, "આપ તો સંસ્કૃતના મહાન શાસ્ત્રી છો. આપની વિદ્વત્તાનાં સઘળે વખાણ થાય છે. આપની યાદશક્તિ પણ અજોડ છે. એક પ્રશ્ન પૂછું ?"

"પૂછો, જરૂર પૂછો." શાસ્ત્રી દીનાનાથ ભટ્ટને થયું કે સ્વામીજી એમની પરીક્ષા કરવા માંગે છે.

શ્રી સહજાનંદ સ્વામીએ પૂછ્યું, "આપને કેટલા શ્લોકો મોઢે છે ?"

પંડિત દીનાનાથ ભટ્ટે જવાબ વાળ્યો, "પૂરા અઢાર હજાર ! કહો તો અત્યારે જ ગાઈને સંભળાવું."

શ્રી સહજાનંદ સ્વામીએ પ્રશ્ન કર્યો, "મારે એ શ્લોકો સાંભળવા નથી, પરંતુ તમારી પાસેથી એ જાણવું છે કે આ અઢાર હજાર શ્લોકોમાંથી કેટલા શ્લોકો તમને મોક્ષ અપાવવામાં સહાયરૂપ બનશે ?" પંડિતજી તો ઊંડા વિચારમાં પડી ગયા. એમણે આજ સુધી શ્લોકનો વિચાર કર્યો હતો, મોક્ષનો નહી. આથી એમણે કહ્યું, "ઓહ ! સ્વામીજી ! એની તો મેં ક્યારેય ગણતરી કરી જ નથી. એવો હિસાબ તો કદી મેં માંડ્યો જ નથી."

"તો પછી આટલા બધા શ્લોકો યાદ રાખવાનો અર્થ શો ?" એમ તો પોપટ પણ ક્યાં શ્લોક નથી બોલતા ? જે શાસ્ત્ર મુક્તિ ન અપાવે તેનો અભ્યાસ કરવાથી શો લાભ ? એનાથી કંઈ આત્માનું કલ્યાણ ઓછું થાય ?



**વિદ્વત્તાના સાગર સમા પંડિત દીનાનાથ સ્વામીજીને નમી પડ્યા. એમણે વિદ્વત્તા પૂરી કરી હતી, પણ તેનો મર્મ સ્વામીજી પાસેથી મળ્યો.**

નીરુમા કહે, બસ ત્યારે. આ તને એક્સિડન્ટ વખતે જ્ઞાન હાજર રહ્યું હતું એની કિંમત વધારે. આની કોઈ કિંમત નથી. આવું કરવું જોઈએ, આવું કરવું જોઈએ એવું કહે એ એક ઈન્ફોર્મેશન છે. જે પ્રેક્ટીકલમાં અનુભવમાં આવે એની કિંમત. તને વ્યવસ્થિતનું જ્ઞાન હાજર રહ્યું હતું ને એ અનુભવ વાણી ઓટોમેટિક નીકળશે અને લોકોને કામ લાગશે.

ત્યારથી એ ભાઈનો કોન્ફીડન્સ જબરજસ્ત વધી ગયો કે કિંમત જ્ઞાનમાં રહેવાની છે. અત્યારે સત્સંગ નથી થતો તો પ્રેક્ટિકલ લાઈફમાં જ્ઞાનનો અનુભવ કર્યા કરો. પછી બધું ઓટોમેટિક થશે.

**જ્ઞાની ખરે ટાઈમે એક્ઝેક્ટ પ્રસંગ યાદ દેવડાવી કેવી અદ્ભૂત હિંમત આપી દે છે...!**

# મીઠી યાદેં ૨

એક બ્રહ્મચારી બેનને હાથમાં કૂતરું કરડી ગયું હતું. એને બહુ બધા બાટલા ચડાવવામાં આવ્યા. આમ એની તબિયત સારી નહોતી. એ બહુ જ ડાઉન ફીલ કરી રહી હતી. એ પૂજ્યશ્રીના દર્શન કરવા ગઈ.

પૂજ્યશ્રીને હાર પહેરાવી જેવી એ પૂજ્યશ્રીના ચરણસ્પર્શ કરીને ઉભી થઈ કે તરત જ પૂજ્યશ્રીએ કડક શબ્દોમાં કહ્યું, "કૂતરું કરડ્યું એમાં શું આટલું બધું માન ખાઓ છો ?"

સાંભળીને પેલી બેન તો હેબતાઈ જ ગઈ અને એમની સામે જોતી જ રહી ગઈ કે અચાનક શું થઈ ગયું ?

પૂજ્યશ્રીએ એમને હાર પાછો આપી દીધો અને પછી તરત જ તેઓ નોર્મલ થઈ ગયા અને પૂછ્યું, કેવું છે, જુદાપણાંની જાગૃતિ રહે છે, વગેરે.

પેલી બેન સાથે એમણે પાંચ-દસ મિનિટ વાત કરી પછી. પેલી બેનને તો કંઈ ખબર જ ન પડી કે શું થઈ ગયું.

એ સાંજે આપ્તપુત્રી બહેનો એને મળવા આવ્યા હતા. એમાંથી એક આપ્તપુત્રી બેને એને કહ્યું કે, પૂજ્યશ્રી એવું કહેતા હતા કે અત્યારે જે કુદરતી સંજોગોના કારણે એને વેદના આવી છે, એમાં એણે આત્મા તરફ જવું જોઈએ. એને બદલે અત્યારે બધા એને બહુ સાચવે છે, સંભાળે છે, તો એના માનમાં પડી ગઈ છે.

આ સાંભળતા પેલી બેન તો વીચારતી જ રહી ગઈ. આપ્તપુત્રી બેન એને સમજાવતા બોલ્યા, જ્ઞાનીની દ્રષ્ટિ આવી હોય કે તમે ક્યાં પડો છો એ તમને દેખાડે. તમે કેટલું સારું કર્યું એ તો એમને ખબર જ હોય પણ જ્યાં તમારું ઓછું થતું જાય, ત્યાંથી કેવી રીતે આગળ વધવું એ દેખાડી દે.

ત્યાર પછી એ બેનને હૂંફ લેતો એનો અહંકાર દેખાયો, બુદ્ધિનું જોર દેખાયું, કે આ જે બધા એને સાચવે છે, એનું બહુ ધ્યાન રાખે છે, એ એને કેટલું બધું મીઠું લાગે છે. મીઠાશમાં પડી ગઈ આખી. આત્મામાં જવાનો બેસ્ટ અવસર હતો ત્યારે ખાડામાં પડી ગઈ.

**છે ને જબરજસ્ત જ્ઞાનીની કરુણા....**





# મીઠી યાદ ૧

નીરુમા દાદા દર્શન રહેતા હતા એ અરસાની વાત છે. એક બ્રહ્મચારીભાઈ સ્કૂટર પર જતા હતા. એક બસ સાથે એમનું સ્કૂટર અથડાયું. તેઓ પડી ગયા અને સ્કૂટર દૂર ફેંકાઈ ગયું. એ ભાઈની જ્યારે આંખો ખૂલી ત્યારે તરત જ જ્ઞાન હાજર થયું કે વ્યવસ્થિત છે. આમાં કોઈનો દોષ નથી. નિમિત્ત આવ્યું અને કર્મ પૂરું થયું. આજુબાજુ બધા લોકો ભેગા થઈ ગયા અને બૂમાબૂમ કરવા લાગ્યા કે, બસવાળાને પકડો ને મારો એને. આ લોકો આવું જ કરે છે. એ બસનો નંબર લઈ લો.

પેલા ભાઈએ બધાને શાંત પાડતા કહ્યું, કોઈનો નંબર લેવાની જરૂર નથી. તમે બીજું કંઈ ના કરો, આ સ્કૂટરને બાજુમાં મૂકો અને મને એક રીક્ષા બોલાવી આપો. હું ઉસ્માનપુરા રહું છું. મારે ત્યાં જવું છે.

એમને હાથે વાગ્યું હતું ને હાથ ફૂલી ગયો હતો. કપડાં થોડા ફાટી ગયા હતા. એમને બીજું કશું નહીં પણ એમ થતું હતું કે, નીરુમા શું કહેશે...કે તું જ્યાં જાય ત્યાં સખણો રહેતો જ નથી. એટલે એ ડર હતો. બીજા ભાઈઓએ નીરુમાને જાણ કરી એટલે નીરુમાએ તરત એમને બોલાવ્યા.

નીરુમાએ એમનો હાથ જોયો. પેલા ભાઈ કહે, નીરુમા, જ્ઞાન હાજર રહ્યું હતું, મને કોઈનો દોષ દેખાયો નથી. વ્યવસ્થિતનું જ્ઞાન હાજર હતું.

નીરુમા કહે, બહું સારું, બહુ સારું. હવે તાત્કાલિક હોસ્પિટલ જાવ.

હોસ્પિટલ ગયા તો કહ્યું કે ફ્રેકચર છે. એટલે પાટો બાંધી દીધો.

એ ભાઈને સત્સંગ કરતા ફાવે નહીં. બીજા બધા ભાઈઓ સત્સંગ કરવા જાય પણ પેલા ભાઈને એવું જ રહ્યા કરે કે આપણે સત્સંગ કરાય નહીં. માટે એમને ફાવેય નહીં. એમણે બ્રહ્મચર્યની બુકમાં વાંચેલું કે, બ્રહ્મચારી કેવો હોવો જોઈએ કે બ્રહ્મચર્યમાં સ્ટ્રોંગ હોય. ઉપદેશ આપતાં ના આવડે તો ચાલે કે, પણ બ્રહ્મચર્યમાં પાવરફૂલ રહે. ત્યારથી એમણે નક્કી કરેલું કે, આપણને સત્સંગ ના આવડે તો ચાલે પણ બ્રહ્મચર્યમાં સ્ટ્રોંગ રહીશું. એમાં આખી જીંદગી કશું બગડવા નહીં દઈએ.

એટલે બીજા બ્રહ્મચારી ભાઈઓ સત્સંગ કરતાં હોય એ જોઈને થયા કરે કે, આ બધા સત્સંગ કરે છે, પણ મારાથી તો થતો નથી, હવે મારાથી કેવી રીતે થશે.

એમાં એમણે એમની આ મૂંઝવણ નીરુમા પાસે વ્યક્ત કરતા કહ્યું, નીરૂમા, આ બધા ભાઈઓ આટલા સત્સંગ કરે છે, બધે જાય છે. હું તો સત્સંગ કરી નથી શકતો. તો મને જ્ઞાન કેવી રીતે ઉત્પન્ન થશે ? આ મોક્ષમાર્ગે હું કેવી રીતે આગળ વધીશ ? મારાથી સત્સંગ થતો જ નથી. વાણી નીકળતી જ નથી તો મારે શું કરવું ?

નીરુમાએ પ્રેમથી કહ્યું, યુદ્ધ હોય અને કોઈ કહે કે મને તલવાર ચલાવતા આવડે છે, દુશ્મન આવ્યા હોય ત્યારે આવી રીતે અંદર ઘુસવું જોઈએ, આવું કરવું જોઈએ, તેવું કરવું જોઈએ....એમ બે-ત્રણ કલાક તમને ભાષણ આપે એની કિંમત વધારે કે પેલો યુધ્ધ જીતીને પાછો આવી જાય એની કિંમત વધારે ?

પેલા ભાઈ કહે, યુધ્ધ જીતીને પાછો આવી જાય એની જ કિંમત વધારે.

થઈ ગયો છે.'

આમ કહી એણે ઈંડા પાડી નાખ્યાની વાત કરી.

એ સાંભળી માતાએ કહ્યું : 'કોઈનું આવું નુકસાન કરી છટકી જવાય નહીં ! તમારે એને વળતર આપવું જોઈએ.'

હવે નેપોલિયને કહ્યું : 'મા, તું મને બે ફ્રેન્ક (રૂપિયા જેવો ફ્રેન્ચ સિક્કો) ઊછીના આપે તો હું તે આ છોકરીને વળતર તરીકે આપું.'

માતાએ હસીને કહ્યું : 'આપું, પણ પછી તને ચાર મહીના સુધી નાસ્તા માટે કશું મળશે નહીં !'

નેપોલિયને કહ્યું : 'ભલે, મને એ કબૂલ છે.'

માતાની પાસેથી પૈસા લઈ નેપોલિયને છોકરીને આપ્યા. આમ, છોકરીને એનાં ઈંડાના પૂરા પૈસા મળી જતા હતા, એટલે એણે નેપોલિયને અગાઉ આપેલા તે બે ફ્લોરિન નેપાલિયનને પાછા આપતાં કહ્યું : 'આ વધાર-ાના છે. એ હું નહીં લઉં !'

છોકરીની આ પ્રમાણિકતા જોઈ નેપોલિયનની માતા પ્રસન્ન થઈ ગઈ. તેણે કહ્યું : 'છોકરી, મને તારે ઘેર લઈ જા !'

માતાની સાથે નેપોલિયન અને ઈલિજા પણ એ છોકરીને ઘેર ગયાં. ગરીબ ઘર હતું. છોકરીની મા માંદી હોવાના કારણે સાથેના પથારીવશ હતી, તરત જ નેપોલિયનની માતા એની સેવાચાકરી કરવા બેસી ગઈ. એક છોકરો થોડે દૂર બેસી કંઈક લાકડું ઘસતો હતો. નેપોલિયન એ છોકરાની પાસે બેઠો. થોડી વારમાં બંને વાતો કરતાં કરતાં મિત્ર બની ગયા.

નેપોલિયનની માતાએ આ માંદી બાઈની બરાબર સંભાળ લીધી. એને માટે દવા અને સારવારની એણે વ્યવસ્થા કરી.

નેપોલિયન પોતે એની ઉદારચરિત માતાનું પ્રતીક છે.

તે કાળે ફ્રેન્ચો અને અંગ્રેજો વચ્ચે લડાઈઓ ચાલ્યા કરતી હતી. એવી એક લડાઈમાં કેટલાક અંગ્રેજ સૈનિકો ફ્રેન્ચ લશ્કરના કેદી હતા. તેમાંનો એક કેદી નાનકડા તરાપામાં બેસી નાસી જતાં પકડાયો. તેને નેપોલિયનની આગળ રજૂ કરવામાં આવ્યો. નેપોલિયને કહ્યું : 'તું મૂર્ખ છે. આવા તરાપામાં શું તું દરિયો પાર કરી શકવાનો હતો ? શા સારુ આવો ઉધામો કર્યો ?'

સૈનિકે કહ્યું : 'બીજો ઉપાય નહોતો. ઘેર મારી માતા માંદી છે ને મને યાદ કરે છે. માતા છેલ્લી વાર એના દીકરાનું મોં જોઈ શકે એટલા ખાતર મારે આ સાહસ કરવું પડ્યું ! સરકાર, મને હવે મોતની જ સજા કરો, જેથી મારી માતાને એવું ન લાગે કે મેં એની અવગણના કરી !'

માતા પ્રત્યેનો સૈનિકનો આ ભાવ જોઈ નેપોલિયનનો એની માતા યાદ આવી. તેણે કહ્યું : 'તારા જેવો માતૃભક્ત તો જગતનું જવાહર છે, જુવાન ! હું તારો ગુનો માફ કરું છું અને તું જલદીમાં જલદી તારી માતાને મળે તેવો બંદોબસ્ત કરું છું. '

આમ કહી નેપાલિયને તેને સારી નૌકામાં બેસાડી તેને સલામત ઘેર પહોંચાડ્યો.

જગતમાં આવી ઘટનાઓ બને છે, એટલે તો જગત જીવવા જેવું લાગે છે.



# નેપોલિયનની માતા

નેપોલિયન ! આ નામ કોણે નથી સાંભળ્યું ? નેપોલિયન એટલે જ દિગ્વિજય એવું સમીકરણ થઈ ગયું છે.

નેપોલિયન નવેક વર્ષનો હતો ત્યારે એક વાર એ એની નાની બહેન ઈલિજાની જોડે પતંગિયાં પકડવાની રમત રમતો હતો. માનો સખત હુકમ હતો કે આટલામાં જ રમવું, દીવાલની પેલી પાર રસ્તા પર જવું નહીં. પણ એક પતંગિયાનો પીછો કરતાં નેપોલિયન દીવાલ ઠેકીને પેલી બાજુ ગયો, બહેનને પણ એણે દીવાલ ઠેકવામાં મદદ કરી. પછી બંને જણ પતંગિયાની પાછળ દોડ્યાં. તેવામાં એક છોકરી ટોપલીમાં ઈંડાં લઈને બજારમાં વેચવા જતી હતી, એને નેપોલિયનની બહેનનો ધક્કો વાગ્યો. છોકરીના હાથમાંથી ટોપલી પડી ગઈ, ઈંડા ફૂટી ગયાં. છોકરી રડવા લાગી.

હવે ભાઈ બહેન ગભરાયાં.

માતા બાળકોને રોજ નાસ્તા માટે એક ફ્લોરિન (નાનો સિક્કો) આપતી. નેપોલિયને ખિસ્સામાં હાથ નાખી જોયું તો તેમાં બે ફ્લોરિન હતા. તેણે તે કાઢીને પેલી છોકરીના હાથમાં મૂકી કહ્યું : 'રડ નહીં, આ લે !'

છોકરીએ બે ફ્લોરિન લીધા, પણ તે રડતી જ રહી. તે રડતાં રડતાં બોલી : 'બે ફ્લોરિનમાં શું થશે ? ઘેર મારી મા માંદી છે, ઘરમાં બધાં ભૂખ્યાં છે. ઈંડા વેચાયાં હોત તો તેમાંથી અમારો ત્રણ દિવસનો રોટલો નીકળ્યો હોત !'

હવે ભાઈ બહેન એ છોકરીને સાથે લઈ ઘેર આવ્યાં.

ઘરમાં પગ મૂકતાં જ માતાએ તેમના ઊધડા લીધા : 'મારી સ્પષ્ટ મના છતાં દીવાલ ઓળંગીને તમે ગયાં કેમ ? આજે તમે વડીલોની આજ્ઞા માનતા નથી, કાલે ઉપરીની આજ્ઞા નહીં માનો. આવું ચાલે જ કેમ ? આજ્ઞાભંગ એટલે વિશ્વાસભંગ. હું એ નહીં ચલાવી લઉં.'

નેપાલિયને તરત જ પોતાની ભૂલ કબૂલ કરી લીધી અને ભૂલ માટે માફી માગી. પછી ઈલિજાએ ડરતાં ડરતાં કહ્યું : 'મા, મારા હાથે એક મોટો ગુનો



# બાળકો સાથે પૂજ્યશ્રી



૧

પ્રશ્નકર્તા: તમે જ્યારે નાના હતા ત્યારે તમને જમવામાં પ્રોબ્લેમ થતો ?

પૂજ્યશ્રી: જમવાની બાબતમાં કોઈ દહાડો પ્રોબ્લેમ નહોતો થતો.જે બનાવે એ ખાઈ લેવાનું. અને ખુશીથી ખાવાનું.લોકોને ખાવા નથી મળતું, આપણને ખાવા મળે છે તો શાંતીથી ખાઈ ના લઈએ? એક દિવસ ના ભાવતું હોય પણ બીજે દિવસે પાછું ભાવતું આવતું જ હોય છે. અને ના ભાવતું મનનું જ હોય છે બધું. થોડું જો જીભને આપણે ખવડાવીએને તો અંદર પેટમાં જતું રહે, કશુંય નુકસાન ના થાય. આપણને લાગે કે આ તો નીકળી ના ગયું. એટલે દેહ તો સ્વીકારે જ છે. મન કચકચ કરતું હોય છે. ના ભાવતું ખાઈએને તો શરીર નીરોગી થાય. એટલે બહુ નુકસાન નહીં થાય શું ?

થોડું થોડું પ્રેક્ટિસમાં લેવું કે ના ભાવતું પણ ખાવું અને ભાવતું પણ ખાવું. પછી બે-ચાર દહાડે ભાવતું તો આવતું જ હોય છે. નથી આવતું ?

પ્રશ્નકર્તા: આવે છે.

પૂજ્યશ્રી: મમ્મી તો પ્રેમથી બનાવે એટલે આપણે બૂમ નહીં પાડવાની. એમને દુઃખ ના થાય એવું કરવાનું શું ?

પ્રશ્નકર્તા: હા

૨

પ્રશ્નકર્તા: તમે દરરોજ અહીંયા સત્સંગ કરવા આવો છો તો તમને સત્સંગ કરવાનો કંટાળો ના આવે ?

પૂજ્યશ્રી: કોઈ દહાડો રમવા જઉં છું તું ?

પ્રશ્નકર્તા: હા

પૂજ્યશ્રી: તો રમવાનો કંટાળો ના આવે ?

પ્રશ્નકર્તા: ના

પૂજ્યશ્રી: હમમમ. એમ આ આત્માનું રમવાનું છે. એટલે કંટાળો ના આવે આમાં. આત્મરમણતા કહેવાય. પેલી પુદ્ગલ રમણતા. એમાં કંટાળો આવે. પછી બીજું જોઈએ, ત્રીજું જોઈએ. ચોથું જોઈએ. અહીં તો આત્માની રમણતામાં કશુંય દુઃખ ના રહે. ઉલ્ટું બધાનેય આનંદ થાય અને પોતાને આનંદ થાય. અને આપણે વધારે રમતા હોય તો મમ્મીને ગુસ્સો આવે. ઘરમાં બેસતો નથી ને ખાતો નથી, ભણતો નથી. અહીં કોઈ બૂમ જ ના પડે.

પ્રશ્નકર્તા : બે-બે કલાક સળંગ સીટ પર બેસવાનું. તમે આ વર્ષોથી કરો છો તો ક્યારેય કંટાળો ના આવે ?

પૂજ્યશ્રી: ના આવે. તારું દુઃખ મટે એટલે મને વધારે આનંદ થાય.

**૩** પ્રશ્નકર્તા: તમે બાળકો પર રાજી ક્યારે થાવ ?

પૂજ્યશ્રી: બાળકો બીજાને દુ:ખ ના આપતા હોય, બીજાને ત્રાસ ના આપતા હોય, મમ્મી-પપ્પાને રાજી રાખીને કામ કરતા હોય તો હું પણ રાજી થાઉં કે કેટલું સરસ બાળક છે. સહજ હોય બધું. આપણે મમ્મી-પપ્પાને રાજી કરીશું ને તો બહુ થઈ ગયું. એમને રાજી થાય એવું આપણે જીવન જીવવાનું. મમ્મી-પપ્પા રાજી થાય તો બધા રાજી થશે. ટીચર પણ રાજી થશે અને ગુરુ પણ રાજી થશે.



**૪** પ્રશ્નકર્તા: નીરુમા અને દાદાને કેવા યુથ ગમે ?

પૂજ્યશ્રી: બધાય યુથ ગમતા હતા. કારણકે યુથ જ આજે બહુ સરસ પ્યોર છે. થોડા મોહી થઈ ગયા છે. પણ દિલના બહુ ચોખ્ખા છે. અને દિલના ચોખ્ખા હોયને એ બધા બહુ ગમે. અને સૌથી વધારે તો યુથ અત્યારે કેટલું બધું દાદાનું કામ સંભાળે છે. આ જ કમ્પ્યુટરનો સદુપયોગ કરે છે. દાદાના કેટલા બધા કામ યુથે જ સંભાળેલા. પછી મોટા થઈને વધારે જવાબદારીથી આખું કામ સંભાળે છે. દાદાનું કામ કરે તો બહુ રાજી થાય દાદા. મહાત્માઓની સેવા કરે તો બહુ રાજી થાય.

**૫** પ્રશ્નકર્તા: તમારી ભૂલ થઈ હોય તો દાદા અને નીરુમાએ તમને ટોકીને કંઈ વાળ્યા છે ?

પૂજ્યશ્રી: હા, વાળે ને. એમનું એ જ કામ. ભૂલ તો આપણને ખબર જ ના પડે કે હું ભૂલ કરું છું. એ ટકોર કરે ત્યારે જ સમજાય. અને ખખડાવે જરાક. આવું કરાતું હશે. પછી હું ય દિપકને કહું કે, આવું કરાતું હશે. કેવડી મોટી ભૂલ કરી. દિપક કબૂલ કરે કે, ના ના, હવે નહીં કરું. નક્કી કરે પછી બીજું શું. એ દેખાડે તો જ દેખાય, નહીં તો આપણને પોતાની જાતે ન જડે. ખરેખર કોઈ બતાડે એટલે તરત જ સ્વીકારવું જોઈએ કે, અરેરે, મને પકડાતું નથી. અરીસામાં નહીં આપણે વાળ ઊંચા-નીચા હોય તો દેખાયને ? તો અરીસાની ભૂલ કાઢીએ કે વાળ સુધારીએ આપણા ?

પ્રશ્નકર્તા: વાળ સુધારીએ.

પૂજ્યશ્રી: હમમ. આ બધા અરીસા કહેવાય. કોઈ ભૂલ બતાડતું હોય એ તરત પકડી લેવાનું. ઓહોહો. આપણી ભૂલ છે. નબળાઈ છે. કચાશ છે. ચલો ધ્યાન રાખીશું. સારું થયું બતાડ્યું. ઉપકાર માનવો. તો આપણી ભૂલ ઓછી થાય.

# સંતોની સહજ ક્ષમા

એક વખત છત્રપતી શિવાજીના ગુરુ, સમર્થ રામદાસ પોતાના અનુયાયીઓને લઈને શિવાજી પાસે જઈ રહ્યા હતા.

રસ્તામાં અનુયાયીઓને ભૂખ લાગી. નજીકમાં એક શેરડીનું ખેતર હતું. ખેતરના માલિકની પરવાનગી લીધા વગર અનુયાયીઓ શેરડી તોડીને લાવ્યા. માલિકને આ વાતની જાણ થઈ. સમર્થ રામદાસની ઓળખાણ ન હોવાથી તેમણે આવીને ગુરુ અને અનુયાયીઓને ખુબ માર માર્યો. સહુએ શાંતિથી માર ખાઈ લીધો અને પોતાના રસ્તે ચાલી નીકળ્યા. શિવાજીના મહેલે પહોંચીને કોઈએ આ વાતનો ઉલ્લેખ ના કર્યો.

જ્યારે શિવાજી પોતાના ગુરુને સ્નાન કરાવી રહ્યા હતા ત્યારે તેમણે ગુરુની પીઠ પર મારના લાલ નિશાન જોયા. તેમણે ગુરુને કારણ પૂછ્યું પણ કોઈ જવાબ ના મળ્યો. પણ શિવાજીએ વાતનો કેડો ના મૂક્યો. તેમણે હકીકત જાણી લીધી અને ખેતરના માલિકને પોતાની સમક્ષ પેશ કરવાનો હુકમ કર્યો.


ખેતરના માલિકને જોઈ ગુરુએ શિવાજીને એમને બોલાવવા પાછળનું કારણ પૂછ્યું.

"જેણે મારા ગુરુ અને એમના અનુયાયીઓને ઈજા પહોંચાડી છે, એને સજા થવી જ જોઈએ." શિવાજીએ જવાબ આપ્યો.

ગુરુએ કહ્યું, "એમાં ખેતર માલિકનો સહેજેય દોષ નથી. ભૂલ તો અમારી જ કહેવાય કે અમે પૂછ્યા વગર એમના ખેતરમાંથી શેરડી તોડી લાવ્યા. શેરડીના નુકસાન અને અહીંયા આમ તેડી લાવવાની પજવણી બદલ એમને એક ભવ્ય ભેટ મળવી જોઈએ."

જેણે મનમાં સજાની તૈયારી કરી હતી, એને ફક્ત સહજ ક્ષમા જ નહીં, પણ એક મોટું ઈનામ મળ્યું.

આમ, સંતો હંમેશા સામાને નિર્દોષ જોઈ સહજ ક્ષમા આપે અને પોતાના દોષ જોઈ, મુક્ત બને.



# શિક્ષકનો રોલ



જૈન આચાર્ય શ્રી રત્નસુંદર સુરીશ્વરજીએ એમના શિક્ષકને યાદ કરતો એક પ્રસંગ કહ્યો....

મારા ક્લાસમાં એક વિદ્યાર્થી ભાઈબંધે મારા શિક્ષકને પૂછ્યું, "સાહેબ, ૨+૨=૪ જ કેમ થાય ? ૩ અથવા ૫ કેમ નથી થતા ?"

મારા શિક્ષકે મારા સહયોગીને કહ્યું, "જ્યારે તું મોટો થઈશ અને બજારમાં જઈશ, લેવડદેવડ કરીશ ત્યારે તારે કોઈ ગરીબને પૈસા આપવાના હોય, ત્યારે તું ૨+૨=૩ ના કરે એટલે ૨+૨=૪ થાય.

અને એ લેવડદેવડમાં જ્યારે તારે કોઈની પાસેથી પૈસા લેવાના હોય ત્યારે તું ૨+૨=૫ ના લે એટલે ૨+૨=૪ થાય."

સવાલ હતો ગણિતનો, પણ એમાં એમના શિક્ષકે જે રીતે નૈતિકતા શીખવાડી, એ આજે પણ ધર્મગુરુને યાદ છે.

એક વ્યક્તિના વિકાસમાં એક શિક્ષકનો રોલ કેટલો મહત્વનો છે !

# આ તો નવી જ વાત !

ભગવાનને ત્યાં હાર્ટિલા માણસનું કામ. ત્યાં બુધ્ધિ નહીં હોય તો ચાલશે પણ હાર્ટ નહીં હોય તો નહીં ચાલે. બુધ્ધિ એટલે પોતાનું જ વિચારે અને હાર્ટ એટલે બધાનું વીચારે.






જેને કંઈ પણ ઈચ્છા હોય એ ભગવાન જ ના કહેવાય.

જે પોતાની બધી
ભૂલ ભાંગે એને
ભગવાન કહેવાય.





અક્કલ તો એનું
નામ કહેવાય કે
બધા રસ્તા કાઢે,
ક્યાંય ગૂંચાય નહીં
અને મોઢું હસતું ને
હસતું જ રહે.



# ભૂખ શેની?

આખા જગતને જીતવા નીકળેલા સિકંદર બાદશાહની આ વાત છે. એનામાં હિંમત, સાહસ અને બહાદુરી છલોછલ છલકાતા હતા. વિજયના નશામાં એણે ગામોના ગામો ઉજ્જડ કરી નાખેલા. ગામ-નગરમાં રહેતા લોકોને નિર્દયપણે કતલ કરીને, લોકોની ધનસંપત્તિ લૂંટી લીધેલી.

એકવાર એણે એક એવા નગરમાં ચડાઈ કરી, જ્યાં સ્ત્રીઓ અને બાળકો સિવાય કોઈ બચ્યું ન હતું. સિકંદર સાથેની અગાઉની લડાઈમાં બધા જ પુરૂષો માર્યા ગયા હતા. ત્યાંની સ્ત્રીઓ નિરાધાર હતી. આત્મરક્ષાના કોઈ સાધનો એમની પાસે ન હતા.

સિકંદરે ચારે બાજુ નજર ફેરવી, પણ સમ ખાવા પૂરતોય એક પુરૂષ એને ન દેખાયો. એ વિચારમાં પડી ગયો. હવે શું કરવું ? સ્ત્રી અને બાળક સાથે તો યુદ્ધ ન કરાય. એ નિયમનો તેને ખ્યાલ હતો. એટલે શસ્ત્રહીન સ્ત્રીઓ સાથે યુદ્ધ કરવાનો કોઈ સવાલ જ ન હતો. એનું દિમાગ ચકરાઈ ગયું. એને કંઈ સૂઝ પડતી નહોતી.

ત્યારે એની પાસે ગણ્યાં-ગાઠ્યાં જ સૈનિકો હતા. એનું લશ્કર પાછળ આવી રહ્યું હતું. એની રાહ જોતાં બપોર થઈ ગઈ.

આ બાજુ સિકંદરને ભૂખ લાગી હતી. નગરમાં એને કોઈ સામેથી જમવા બોલાવે એ તો શક્ય જ ન હતું.

નગરના બધા જ ઘરોના દરવાજા બંધ હતા. સહુને સિકંદર અને એના સૈન્યનો ડર હતો. ઘરમાં ઘુસીને ન કરવાનું કોઈ કામ કરી નાંખે તો ! એ ભયથી ભયભીત થઈને નગરની તમામ નારીઓએ પોતાના બાળકોને ઘરમાં લઈ ઘરના દરવાજા બંધ કરી દીધા હતા.

સિકંદરને હવે કકડીને ભૂખ લાગી હતી.

ભૂખ એક એવું દુઃખ છે, જે સુખના સાગરમાં મહાલતા હોય એને પણ દુઃખી કરી દે છે.

ભૂખ એક એવી પીડા છે, જે બાદશાહી ઠાઠથી રહેતા હોય એને પણ ભીખારી પાસે હાથ લંબાવતો કરી દે છે.

ભૂખ એક એવી કસોટી છે, જે અનૂકૂળતાનો ભંડાર પાસે હોવા છતાં ગધ્ધામજૂરી કરાવવા તૈયાર કરી દે છે.

કહ્યું છે ને, 'ભૂખ ન જુવે એંઠો ભાત'

ભૂખ લાગે ત્યારે માણસ શું ન કરે ? બધું જ કરે. સિકંદર પણ સામે ચડીને એક બંધ ઘરના

દરવાજા પાસે આવીને ઊભો રહ્યો. એણે દરવાજો ખટખટાવ્યો. થોડીવારમાં દરવાજો ખુલ્યો. એક આધેડવયના માજી લાકડીના ટેકે ટેકે બહાર આવ્યા.

સિકંદરે કહ્યું, 'માજી ! મને બહુ ભૂખ લાગી છે. ઘરમાં કંઈ ખાવાનું હોય તો આપોને.'

માજીએ સિકંદરને ઘરની અંદર લીધો. એક જગ્યાએ ઈશારાથી બેસવાનું કહી માજી અંદર ગયા. થોડી જ વારમાં રૂમાલથી ઢાંકેલો એક થાળ લઈ આવ્યા. થાળ સિકંદરની સામે ધર્યો. ભૂખ્યો ડાંસ થયેલો સિકંદર રૂમાલ હટાવીને જ્યાં થાળ પર તૂટી પડવા હાથ લંબાવે છે, ત્યાં આશ્ચર્ય...

થાળમાં ભોજનની કોઈ સામગ્રી જ ન હતી. હતા માત્ર સોના-રૂપાનાં ઘરેણાં.

સિકંદર આ જોઈને અત્યંત આવેશમાં આવી ગયો. એ જોરથી રાડ પાડી ઉઠ્યો, 'અરે, એ બુઢ્ઢી ! આ તું શું લાવી ? મેં તારી પાસે ખાવાની સામગ્રી મંગાવેલી, નહીં કે સોના-રૂપાના થાળ ! શું આનાથી પેટ ભરાતા હશે ?'

લાગ જોઈને ડોશીએ જવાબ આપ્યો, 'તું કોણ ? સિકંદર જ છે ને ? આજ સુધી તારું નામ તો મેં ખૂબ સાંભળેલું, આજે તને પ્રત્યક્ષ જોવાનો મોકો પણ મળી ગયો. મેં તો સાંભળ્યું છે કે તું સોના-રૂપા અને રૂપિયાનો ખૂબ ભૂખ્યો છે. અને એટલા જ માટે તું તારો દેશ છોડીને અહીં સુધી લાંબો થયો છે. તારા દેશમાં તો ચિક્કાર ધાન્યના ઢગલા છે, છતાં તું અહીં સુધી આવ્યો છે તે ફક્ત ધન માટે જ ને. તો હવે જ્યારે તને ધનની પ્રચંડ ભૂખ હોય ત્યારે મારે તારી થાળીમાં સોનું-રૂપું જ પીરસવાનું હોય કે બીજું કાંઈ ?'

સિકંદર તો આ સાંભળતા જ થીજી ગયો. કાપો તોય લોહી ન નીકળે એવી એની સ્થિતિ થઈ ગઈ. એ ટગર ટગર વૃદ્ધાના મોં સામે જોઈ રહ્યો. ડોશી શું કહેવા માગે છે તે એને સમજાઈ ગયું. વગર યુદ્ધે એક સ્ત્રીએ તેને કેવી રીતે હરાવી દીધો એનો ખ્યાલ આવી ગયો.

એડોશીના પગમાં પડી ગયો. એણે કહ્યું, 'આજ સુધીમાં હું ઘણા યુદ્ધો કરી ચૂક્યો છું. દરેક યુદ્ધમાં મારો વિજય થયો છે. મને મારા વિજયનું અભિમાન હતું. હું એના નશામાં ચકચૂર હતો. મને ઘણા સમજાવવા આવતા હતા પણ હું સમજવા જ તૈયાર ન હતો.

ઓ મા ! આજે તે કમાલ કરી નાંખી. લોહીનું એક પણ ટીપું પાડવા વગર તે મારા જેવા અભિમાનીને પરાજીત કરી દીધો.'

ડોશીએ એને બે હાથે બેઠો કર્યો. એના માથા પર સગા દીકરાની જેમ હાથ ફેરવ્યો અને પછી એને ખૂબ ભાવથી ભોજન કરાવ્યું. સિકંદરે એ નગરમાંથી વિદાય લેતા પૂર્વે નગરના દ્વારે એક શિલાલેખ લખાવ્યો.

જેમાં લખાવ્યું :

**'અજ્ઞાની સિકંદરને આ નગરની એક મહાન નારીએ એક સાચી શિખામણ આપી, અને તેને સોનાની નિરર્થકતાનું ભાન કરાવ્યું છે.'**



# ૮ થી ૧૨ વર્ષના બાળકો માટે વિવિધ સેન્ટરમાં થયેલ સમરકેમ્પની ઝલક...



# પૂજ્યશ્રીના ૬૬માં જન્મદિવસ નિમિત્તે બાળકો દ્વારા થયેલ સાંસ્કૃતિક કાર્યક્રમ...



# ચકલી



એક આશ્રમના શિષ્યો ખૂબ જ આળસુ બની ગયા હતા. ગુરુએ પોતાના શિષ્યોને ભેગા કર્યા.
ચાલો આજે હું તમને એક વાર્તા કહું.
ઈબ્રાહીમ નામના એક વિદ્વાને રસ્તામાં એક તંદુરસ્ત વ્યક્તિને ભીખ માંગતા જોયો.
ચલ મારી સાથે, હું તારા ખાવા-પીવાની વ્યવસ્થા કરું.
ઈબ્રાહીમ ભિખારીને એક દુકાનદાર પાસે લઈ ગયા.
આ ભાઈની રોજી રોટી નીકળે એવું કોઈ નાનું-મોટું કામ મળશે ?


દુકાનદાર ઈબ્રાહીમનો આદર કરતો હતો એટલે એણે કોઈ પ્રશ્ન ના પૂછ્યો.
હા, હા. જરૂર સાહેબ. હું ચોક્કસ એને કામ આપીશ.
ભિખારીએ નજીકના ગામમાં જઈ, વસ્તુઓ વેચવાની હતી.
થોડા દિવસ બાદ....
આ શું ? તેં ફરી ભીખ માંગવાનું શરૂ કેમ કર્યું ?
કહું તમને સાહેબ. એક દિવસ મેં એક આંધળી ચકલીને જોઈ. મને જાણવાની ઉત્સુકતા થઈ કે એ ચકલી પોતાનું પેટ કેવી રીતે ભરતી હશે ?
થોડા સમય માટે હું એને નીરખતો રહ્યો. જોયું તો, થોડીવાર રહીને એક બીજી ચકલી આંધળી ચકલી માટે ખાવાનું લઈને આવી.

Akram Express

**June 2019**
**Year : 11, Issue : 10**
**Conti. Issue No.: 130**

Date of Publication on 08th of every month
RNI No. GUJGUJ/2008/26729
Reg. No. GAMC - 1690/2018-2020
valid up to 31-12-2020
LPWP Licence No. PMG/HQ/040/2018-20
valid up to 31-12-2020
Posted at Adalaj Post office
on 08th of every month




અક્રમ એક્સપ્રેસના સભ્યો માટે સૂચના

૧. આપનું વાર્ષિક લવાજમ પૂરું થાય છે તે શી રીતે જાણશો ? જો આપની આ મહિનાની આવેલ અક્રમ એક્સપ્રેસના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ઈ હોય તો જાણવું કે આ આપની છેલ્લી અક્રમ એક્સપ્રેસ છે. દા.ત. છઁછ૪૩૧૩ ઈ અને જો આ મહિનાના કવરના લેબલ પર મેમ્બરશીપ નં.ની બાજુમાં ઈ ઈ હોય તો જાણવું કે આ પછીના મહિનાની અક્રમ એક્સપ્રેસ છેલ્લી અક્રમ એક્સપ્રેસ રહેશે. દા.ત. **AGIA4313 # #.** અક્રમ એક્સપ્રેસ રિન્યુઅલની વિગત (લવાજમ અને સંપર્કસૂત્ર) 'સંપાદકીય' પેજ પર આપેલ છે.

૨. જો આપને કોઈ મહિનાનું અક્રમ એક્સપ્રેસ ન મળે તો ફોન નં.૮૧૫૫૦૦૭૫૦૦ પર નીચેની વિગતો જીસ્જી કરવો.
૧) કાચી પાવતી નંબર અથવાં ́ઙ ર્દ., ૨) પાકુ એડ્રેસ-પીન કોડ સહિત ૩) જે મહિનાનું મૅગેઝિન નથી મળ્યું એ મહિનો.

માલિક - મહાવિદેહ ફાઉન્ડેશન વતી પ્રકાશક, મુદ્રક અને તંત્રી - ડિમ્પલ મહેતા દ્વારા
અંબા ઑફસેટ - **B-99 GIDC, Sector - 25** ગાંધીનગર - ૩૮૨૦૨૫ ખાતે છપાવી પ્રકાશિત કર્યું છે.